# રાંદેર પો.સ્ટે. વિસ્તારમાં બનેલ મર્ડર કેસની ગણતરીના કલાકમાં ભેદ ઉકેલતી રાંદેર પોલીસ.

રાંદેર પો.સ્ટે. વિસ્તારમાં તા.૧૫/૦૭/૨૦૧૭ના રોજ ક.૧૮:૦૦ થી ક.૨૨:૦૦ દરમ્યાન વાહન ચેકીંગ તથા જીપીએકટ ૧૩૫ ની ડ્રાઇવ અનુસંધાને સર્વેલન્સ સ્ટાફના માણસો મોરાભાગળ ચાર રસ્તા ઉપર વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન રાંદેર પાલનપુર જકાતનાકા સર્કલ પાસે આવેલ વિવેકાનંદ ટાઉન શીપની સામે તા.૧૩/૦૭/૨૦૧૭ ના રોજ મોડી રાત્રે અશોક પરમાર નામના ઇસમનું મર્ડર થયેલ તેના આરોપીઓ જે રીક્ષામાં બેસીને નાસી ગયેલ હોય તે રિક્ષા ડ્રાઇવર પોતાની એક પોપટ કલરની ઓટો રિક્ષા નં.જીજે-૫-બીવી-૧૨૦૩ માં આરોપીઓને લઇને ભેંસાણગામથી મોરાભાગળ બોટનીકલ ગાર્ડન તરફ આવનાર હોય તે હકિકત આધારે વોચમાં રહેલ તે દરમ્યાન સદર ઓટો રિક્ષા આવતા જેને કોર્ડન કરી, રોકીને રીક્ષામાં બેસેલ ઇસમોના નામઠામની ખાતરી કરતા ગુનાના કામે સંડોવાયેલ આરોપી (૧) મયુર ઉર્ફે માંજરો કલ્પેશભાઇ મહિડા ઉ.વ.૩૧ ધંધો રિક્ષા ડ્રાઇવીંગ રહે. ઘર નં.૭, બિલ્ડીંગ નં.એફ/૧, એસ.એમ.સી.આવાસ સીટીઝન સ્કુલની ગલીમાં એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત. (૨) રવિ ઉર્ફે બંદર રામશરીફ ગૌડ ઉ.વ.૨૩ ધંધો રિક્ષા ડ્રાઇવીંગ રહે. અઠવાગેટ બાબુભાઇ ચેમ્બર્સની નીચે રીક્ષામાં, સુરત શહેર. મુળગામ. ખાજુદી કોલોની ગોરખપુર રેલવે સ્ટેશનની બાજુમાં, ગોરખપુર, યુપી. (૩) મહેશ ઉર્ફે બકરી સોમાભાઇ પટેલ. ઉ.વ.૪૨ ધંધો રિક્ષા ડ્રાઇવીંગ રહે. અઠવાગેટ, સરકારી વસાહત, ફેમીલી કોર્ટ, સુરત શહેર. મુળ રહે. સનાઉલ્લાહગામ, કુંભાર ફળીયું, તા. મહુવા જી.સુરત નાઓને પકડી પાડવામાં આવેલ છે. જે ત્રણેય આરોપીઓને રાંદેર પો.સ્ટે.। ગુ.ર.નં.૭૬/૨૦૧૭ ઇ.પી.કો.કલમ ૩૦૨, ૫૦૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના કામે અટક કરવામાં આવેલ.

તેમજ બીજા આરોપીઓ (૧) રાજેન્દ્ર ઉર્ફે રાજ્યો બોબડો ત્રિકમભાઇ પટેલ ઉ.વ.૩૨ ધંધો. રિક્ષા ડ્રાઇવર રહે.અઠવાગેટ બાબુભાઇ ચેમ્બર્સ પાસે, રીક્ષામાં રોડ ઉપર, સુરત શહેર. મુળગામ. પીંઢારાપુર, પાંચોટીયાવાસ, તા. ચાણસ્મા, જી.પાટણ તથા (૨) ઇમરાનઅલી યુનુસઅલી સૈયદ ઉ.વ.૨૯ રહે. કોસાડ આવાસ એચ-૧ બીલ્ડીંગ નં.૪૯ રૂમ નં.૯, અમરોલી, સુરત શહેર. મુળગામ. વલણ તા. કરજણ, જિલ્લો. વડોદરાનાઓ મળી આવતા તા.૧૫/૦૭/૨૦૧૭ ના ક.૨૩:૩૦ વાગ્યે અટક કરવામાં આવેલ છે.